# વિકાસ દર ઊંચો જવાની સાથે ખોરાકની થાળીનો વધતો ભાવ લોકોને મથાવી રહ્યો છે

આજના સમયમાં મોંઘવારી એ માત્ર આંકડાકીય કે આર્થિક ચર્ચાનો વિષય નથી રહ્યો, પરંતુ તે દરેક સામાન્ય નાગરિકના રોજિંદા જીવનનો સૌથી કઠિન અગ્નિપરીક્ષા બની ગયો છે. તાજેતરના આંકડા અને બજારની વાસ્તવિક સ્થિતિ દર્શાવે છે કે ખોરાકની થાળી દિન-પ્રતિદિન મોંઘી થઈ રહી છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. લોકોના કમાણીના નાણાં એ જ છે, પણ બજારમાંથી કરિયાણાનો સામાન ઘટી રહ્યો છે.

એક બાજુ રસોડાના આવશ્યક સામાનના ભાવ આસમાને પહોંચ્યા છે, તો બીજી તરફ હોમ લોન, ઓટો લોન કે વ્યક્તિગત ધિરાણના ઈએમઆઈ અને આરોગ્ય-શિક્ષણ જેવા અન્ય નિશ્ચિત ખર્ચાઓનું દબાણ માનસિક તથા આર્થિક રીતે લોકોને પીસી રહ્યું છે. આજે સૌથી મોટી વિડંબના એ છે કે સરકારી કાગળો અને ફુગાવાના સત્તાવાર આંકડાઓમાં ચિત્ર કદાચ નિયંત્રણ હેઠળ દેખાડવામાં આવતું હોય, પરંતુ જમીની વાસ્તવિકતા તદ્દન અલગ છે. છૂટક બજારમાં ખરીદી કરવા નીકળતો સામાન્ય માણસ જ્યારે પોતાના ખિસ્સા ખાલી થતાં જુએ છે, ત્યારે આંકડાઓનો આ ભ્રમ ક્ષણભરમાં ભાંગી જાય છે.

ભારતીય સંસ્કૃતિ અને જીવનશૈલીમાં ખોરાકની થાળી માત્ર પેટ ભરવાનું સાધન નથી, પરંતુ તે કુટુંબની સમૃદ્ધિ અને પોષણનું પ્રતીક છે. પરંતુ આ જ થાળીમાં આજે ગરીબ અને મધ્યમ વર્ગ માટે પોષણ મેળવવું મુશ્કેલ બન્યું છે. રસોઈનો પાયો ગણાતી ડુંગળી, બટેટા, લસણ અને આદુ જેવા મસાલાઓના ભાવમાં અભૂતપૂર્વ વધારો થયો છે. ગયા વર્ષની સરખામણીએ ડુંગળીના ભાવમાં આશરે ૫૦% સુધીનો ઉછાળો જોવા મળ્યો છે, જ્યારે આદુના ભાવ ૭૦%થી વધુ વધી ગયા છે. મધ્યમ વર્ગના મુખ્ય ખોરાક એવા ઘઉં, ચોખા અને દાળના ભાવ સતત વધી રહ્યા છે. ઉત્પાદનમાં ઘટાડો અને પુરવઠા શ્રૃંખલાની વિક્ષેપતાને કારણે સામાન્ય ભોજન પણ મોંઘું બન્યું છે. રસોઈ માટે અતિ આવશ્યક એવા વનસ્પતિ તેલ, ઘી, દૂધ અને પનીર જેવી ડેરી પ્રોડક્ટ્સના ભાવ પણ સતત વધી રહ્યા છે. પશુપાલન અને ચારાના વધતા ખર્ચને લીધે દૂધ મંડળીઓ અને ડેરી ઉદ્યોગો સતત ભાવવધારો કરવા મજબૂર બન્યા છે. આ વર્ષની શરૂઆતમાં વૈશ્વિક સંઘર્ષો અને મધ્ય-પૂર્વની અસ્થિરતાને લીધે એલપીજીના પુરવઠા પર અસર પડી હતી. ઈંધણ અને એલપીજી ગેસના ભાવ વધતા માત્ર ઘરનું રસોડું જ નહીં, પરંતુ નાના હોટેલ-રેસ્ટોરન્ટ ચલાવતા વેપારીઓ માટે પણ મેનૂના ભાવ વધારવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

ગ્રાહક ભાવ સૂચકાંક અનુસાર, ભારતમાં લોકોની કુલ આવકનો બહુ મોટો હિસ્સો ખોરાક પાછળ ખર્ચાય છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં પરિવારો તેમના માસિક ખર્ચનો લગભગ ૫૦% હિસ્સો માત્ર ભોજન મેળવવા પાછળ ખર્ચી નાખે છે. શહેરી વિસ્તારોમાં આ ખર્ચ ૪૦%ની આસપાસ છે.

જ્યારે જીવનજરૂરી ભોજન પાછળ જ આવકનો અડધો ભાગ વપરાઈ જતો હોય, ત્યારે શિક્ષણ, આરોગ્ય, બચત કે ભવિષ્યના રોકાણ માટે પૈસા બચાવવા અત્યંત કઠિન બની જાય છે. ગરીબ વર્ગ પોષણક્ષમ આહારથી વંચિત રહી રહ્યો છે, જે દેશમાં કુપોષણ જેવી ગંભીર સમસ્યાઓને વધુ વ્યાપક બનાવી શકે છે. આજના સમયમાં મોંઘવારી પાછળ માત્ર સ્થાનિક પરિબળો જ જવાબદાર નથી, પરંતુ વૈશ્વિક અને કુદરતી કારણોનું સંયોજન પણ આ સ્થિતિ માટે નિમિત્ત બન્યું છે: મહારાષ્ટ્ર જેવા મુખ્ય ડુંગળી ઉત્પાદક રાજ્યોમાં કમોસમી વરસાદને કારણે ઊભા પાકને વ્યાપક નુકસાન થયું હતું. પુરવઠો ઘટતાં જથ્થાબંધ અને છૂટક બજારોમાં ભાવ ભડકે બળ્યા છે.

યુક્રેન અને ઈરાન જેવા દેશોમાં ચાલતી યુદ્ધની પરિસ્થિતિને કારણે વૈશ્વિક સ્તરે અનાજ, ખાદ્યતેલ અને બળતણના ભાવ ઊંચા રહ્યા છે. આ આયાતી મોંઘવારીની સીધી અસર ભારતીય બજારો પર પડી રહી છે. સરકારે ૨૦% ઈથેનોલ મિશ્રણનો લક્ષ્યાંક વહેલો લાવતા શેરડી, ચોખા અને મકાઈનો ઉપયોગ ઈથેનોલ બનાવવામાં વધ્યો છે. ઈથેનોલ ઉત્પાદકો તરફથી વધુ ભાવ મળતા ખેડૂતો તે તરફ વળ્યા છે, જેથી ખાદ્ય પદાર્થો તરીકે આ પાકની અછત ઊભી થઈ છે. દેશમાં તહેવારોની મોસમ શરૂ થઈ ચૂકી છે, જે નવેમ્બર સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન મીઠાઈઓ, તળેલા ખોરાક અને વાનગીઓ માટે ખાંડ, લોટ અને તેલની માંગ ચરમસીમાએ હોય છે, જે ટૂંકા ગાળામાં ભાવને વધુ ઉપર ધકેલે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા માટે ફુગાવાને ૪% ના મધ્યમ-ગાળાના લક્ષ્યાંક પર રાખવો એ મુખ્ય પ્રાથમિકતા હોય છે. પરંતુ ખાદ્ય ફુગાવો સતત વધી રહ્યો હોવાથી મધ્યસ્થ બેંક માટે વ્યાજદરમાં ઘટાડો કરવો કે સામાન્ય માણસને રાહત આપવી મુશ્કેલ બની ગઈ છે. ફુગાવો આરબીઆઈની ઉપલી મર્યાદા (૬%) ની નજીક પહોંચી રહ્યો હોવાથી અર્થશાસ્ત્રીઓ આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે આગામી ધિરાણ નીતિમાં વ્યાજદરો વધારવામાં આવી શકે છે. જો વ્યાજદર વધશે તો હોમ લોન અને પર્સનલ લોન વધુ મોંઘી થશે, જે નાગરિકો પર બેવડો માર મારશે–એક તરફ મોંઘું રસોડું અને બીજી તરફ મોંઘા ઈએમઆઈ. મોંઘવારીની આ ચક્રવ્યૂહમાંથી સામાન્ય નાગરિકને ઉગારવા માટે સરકારે ત્વરિત અને લાંબા ગાળાના પગલાં ભરવા અનિવાર્ય છે: જેમાં ડુંગળી, બટેટા અને આદુ જેવા ઝડપથી બગડી જતા શાકભાજી માટે આધુનિક સંગ્રહખોરી અને પ્રોસેસિંગ સુવિધાઓ ઊભી કરવી જોઈએ, જેથી અછતના સમયે બજારમાં પુરવઠો જાળવી શકાય. તહેવારોની મોસમમાં વેપારીઓ દ્વારા કરવામાં આવતી ગેરકાયદે સંગ્રહખોરી અને કૃત્રિમ અછત સામે કડક કાનૂની કાર્યવાહી થવી જોઈએ. રાશન દુકાનો અને સરકારી આઉટલેટ્સ દ્વારા વ્યાજબી ભાવે ડુંગળી, દાળ અને તેલનું સીધું વિતરણ વધારવું જોઈએ. આબોહવા પરિવર્તન અને અનિયમિત ચોમાસા સામે લડવા માટે ખેડૂતોને ડ્રીપ ઈરિગેશન અને સુધારેલા બિયારણો ઉપલબ્ધ કરાવવા જોઈએ.

# ૨૦૩૬નું ભારત: આગામી ૧૦ વર્ષમાં કઈ નોકરીઓ સૌથી વધુ કમાણી આપશે?

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**AI સાથે ડેટા, વ્યવસાય અને સંચાર જેવી કુશળતાઓનું સંયોજન આવકની દૃષ્ટિએ ખૂબ શક્તિશાળી સાબિત થઈ શકે છે**

આજે એક કરોડ રૂપિયા ખૂબ મોટી રકમ લાગે છે, પરંતુ આગામી દસ વર્ષમાં અર્થતંત્ર, ટેક્નોલોજી અને રોજગારની દુનિયામાં જે પરિવર્તન આવવાનું છે, આજે જે નોકરીને આપણે ખૂબ સારી કારકિર્દી માનીએ છીએ, તે ભવિષ્યમાં સામાન્ય બની શકે છે. AI, રોબોટિક્સ, સાયબર સુરક્ષા, ચિપ ટેક્નોલોજી, ઊર્જા, નાણાં, આરોગ્ય, અદ્યતન ઉત્પાદન અને અવકાશ જેવાં ક્ષેત્રો આગામી દાયકામાં ભારતમાં મોટી રોજગાર અને કમાણીની તકો ઊભી કરી શકે છે.

આ સમગ્ર પરિવર્તનનું સૌથી મોટું કેન્દ્ર Artificial Intelligence બની શકે છે. જો કે માત્ર કૃત્રિમ બુદ્ધિનાં સાધનોનો ઉપયોગ કરવો પૂરતો નહીં હોય. જે વ્યક્તિ કૃત્રિમ બુદ્ધિની મદદથી કંપનીનો ખર્ચ ઘટાડે, ઉત્પાદકતા વધારે, વેચાણમાં વધારો કરે અથવા નવી પ્રોડક્ટ અને સેવાઓ વિકસાવે, તેનું બજારમૂલ્ય વધારે હશે. એટલે ભવિષ્યમાં AI જાણનારાં લોકો કરતાં AIનો ઉપયોગ કરીને વાસ્તવિક સમસ્યાઓ ઉકેલી શકનારા નિષ્ણાતોની માંગ વધુ વધી શકે છે. AI સાથે ડેટા, વ્યવસાય અને સંચાર જેવી કુશળતાઓનું સંયોજન આવકની દૃષ્ટિએ ખૂબ શક્તિશાળી સાબિત થઈ શકે છે.

આગામી દાયકામાં રોબોટિક્સ પણ ઝડપથી આગળ વધી શકે છે. કારખાનાંઓ, વેરહાઉસ, હોસ્પિટલ, કૃષિ, લોજિસ્ટિક્સ અને અન્ય ક્ષેત્રોમાં રોબોટ્સનો ઉપયોગ વધવાની પૂરી શક્યતા છે. સામાન્ય રીતે ટેક્નોલોજી વિશે ચર્ચા થાય ત્યારે એક ભય વ્યક્ત કરવામાં આવે છે કે રોબોટ્સ લોકોની નોકરીઓ છીનવી લેશે; પરંતુ તેની સાથે જ રોબોટ બનાવનારા, પ્રોગ્રામ કરનારા, તેમની જાળવણી કરનારા અને માણસો તથા રોબોટ્સને સાથે કામ કરાવનારા નિષ્ણાતોની નવી માંગ પણ ઊભી થશે. ખાસ કરીને રોબોટિક્સ અને AI બંનેનું જ્ઞાન ધરાવતાં લોકો માટે ભવિષ્યમાં અનેક નવી તકો સર્જાઈ શકે છે.

ડિજિટલ અર્થતંત્ર વિસ્તરશે તેમ સાયબર સુરક્ષાનું મહત્ત્વ પણ ઝડપથી વધશે. બેંકો, સરકારો, કંપનીઓ, હોસ્પિટલો અને સામાન્ય લોકોનો ડેટા સતત ડિજિટલ બનતો જશે, જેના કારણે સાયબર હુમલા અને ડેટા ચોરીનું જોખમ પણ વધશે. આ પરિસ્થિતિમાં સાયબર સુરક્ષા નિષ્ણાતો કંપનીઓ અને સંસ્થાઓ માટે અનિવાર્ય બની જશે. ખાસ કરીને AI સિસ્ટમ્સ, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંવેદનશીલ ડેટાને સુરક્ષિત રાખી શકે તેવા નિષ્ણાતોની માંગ ખૂબ જ ઊંચી રહેશે.

આજના સ્માર્ટફોનથી લઈને કાર, રોબોટ, ડ્રોન, કૃત્રિમ બુદ્ધિ સિસ્ટમ્સ અને અવકાશ ટેક્નોલોજી સુધી લગભગ દરેક અદ્યતન ઉપકરણમાં ચિપ્સ અનિવાર્ય છે. જો ભારત ચિપ ડિઝાઈન, ઉત્પાદન, પેકેજિંગ અને પરીક્ષણ જેવાં ક્ષેત્રોમાં પોતાની ક્ષમતા વધારશે, તો ઉચ્ચ કૌશલ ધરાવતા ઈજનેરો અને ટેક્નોલોજી નિષ્ણાતો માટે સોનેરી તકો ઊભી થશે. ચિપ ડિઝાઈન સાથે જોડાયેલ સોફ્ટવેર અને હાર્ડવેરની કુશળતા ધરાવતાં લોકો માટે વૈશ્વિક સ્તરે પણ ઉજ્જવળ સંભાવનાઓ રહેલી છે.

ભારતના વધતા અર્થતંત્ર સાથે ઊર્જા ક્ષેત્રની માંગ પણ વેગ પકડશે. સોલાર, પવન ઊર્જા, બેટરી, ઈલેક્ટ્રિક વાહનો, ઊર્જા સંગ્રહ, પરમાણુ ઊર્જા અને ગ્રીન હાઈડ્રોજન જેવાં ક્ષેત્રોમાં મોટા પ્રમાણમાં રોકાણ થવાની સંભાવના છે. આ ક્ષેત્રમાં ટેક્નિકલ જ્ઞાન સાથે પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને વ્યાવસાયિક સમજ ધરાવતાં યુવાનો માટે વિશેષ તકો ઉપલબ્ધ થશે.

નાણાં અને રોકાણનું ક્ષેત્ર પણ ભવિષ્યમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારતનો મધ્યમ વર્ગ સમૃદ્ધ થશે તેમ લોકોની બચત, રોકાણ અને સંપત્તિ વ્યવસ્થાપનની જરૂરિયાતો પણ વધશે. નાણાંકીય વિશ્લેષકો, વેલ્થ મેનેજરો, Risk Experts, ઈન્વેસ્ટમેન્ટ પ્રોફેશનલ્સ અને ફિનટેક નિષ્ણાતોની માંગ સતત વધતી રહેશે. અહીં પણ ટેક્નોલોજી નિર્ણાયક ભૂમિકા ભજવશે, કારણ કે નાણાં સાથે AI, ડેટા એનાલિટિક્સ અને ટેક્નોલોજીનું સંયુક્ત જ્ઞાન ધરાવતા વ્યાવસાયિકોને સારી આવક થશે.

આરોગ્ય ક્ષેત્ર પણ આગામી દાયકામાં મોટાં પરિવર્તનોમાંથી પસાર થશે. ભારતની વસતીમાં વરિષ્ઠ નાગરિકોનું પ્રમાણ વધવાની સાથે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની માંગમાં પણ મોટો ઉછાળો આવશે. AI આધારિત નિદાન, જિનેટિક્સ, બાયોટેક્નોલોજી, મેડિકલ ડિવાઈસિસ, ટેલિમેડિસિન અને વ્યક્તિગત સારવાર જેવાં ક્ષેત્રો ઝડપથી વિકસશે. ભવિષ્યમાં માત્ર પરંપરાગત તબીબી જ્ઞાન જ પૂરતું નહીં રહે, પરંતુ તબીબી ક્ષેત્ર સાથે ટેક્નોલોજી, ડેટા અને સંશોધનને સાંકળી શકતા નિષ્ણાતોની વિશેષ માંગ રહેશે.

ભારત વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે ત્યારે અદ્યતન ઉત્પાદન પણ અનિવાર્ય બનશે. ભવિષ્યનાં કારખાનાંઓમાં રોબોટ્સ, AI, ઓટોમેશન, અદ્યતન મશીનરી અને સ્માર્ટ સિસ્ટમ્સનો વ્યાપક ઉપયોગ થશે. આ માટે એવા ઈજનેરો અને ટેક્નિકલ નિષ્ણાતોની આવશ્યકતા પડશે જેઓ માત્ર પરંપરાગત મશીનરી જ નહીં, પરંતુ ડિજિટલ સિસ્ટમ્સ અને AIની પણ ઊંડી સમજ ધરાવતા હોય. ઈલેક્ટ્રોનિક્સ, એરોસ્પેસ, ડિફેન્સ, ઓટોમોબાઈલ અને અન્ય હાઈ-ટેક ઉત્પાદન ક્ષેત્રોમાં આવી કુશળતાનું મૂલ્ય વધશે. અવકાશ ક્ષેત્ર પણ આગામી દાયકામાં ભારત માટે એક અત્યંત રોમાંચક અને આર્થિક રીતે સક્ષમ તક સાબિત થશે. ઉપગ્રહો, વૈશ્વિક સંચાર, પૃથ્વી નિરીક્ષણ, અવકાશ આધારિત ડેટા, રોકેટ ટેક્નોલોજી અને ખાનગી અવકાશ કંપનીઓના ઉદયથી રોજગારીનાં તદ્દન નવાં ક્ષેત્રો ખૂલશે.

આ સમગ્ર પરિસ્થિતિમાં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે ૨૦૩૬માં માત્ર એક પરંપરાગત ડિગ્રી કે એકાદ કુશળતા સફળતાની ખાતરી નહીં આપી શકે. ભવિષ્યમાં વિવિધ ક્ષેત્રોની કુશળતાઓને એકસાથે સાંકળી શકનારા 'મલ્ટી-ડિસિપ્લિનરી' લોકોની માંગ સૌથી વધુ હશે. ઉદાહરણ તરીકે, ઈજનેરી સાથે AI, નાણાં સાથે ડેટા એનાલિટિક્સ, તબીબી જ્ઞાન સાથે ટેક્નોલોજી અથવા રોબોટિક્સ સાથે AIનું સંયોજન વ્યક્તિને અત્યંત વિશિષ્ટ અને મૂલ્યવાન બનાવશે. તેથી, આગામી દસ વર્ષ માટે યુવાનો અને વિદ્યાર્થીઓએ મૂળભૂત વિષયોનું મજબૂત જ્ઞાન, AI અને ડિજિટલ નિપુણતા, સક્ષમ સંચાર કૌશલ તેમજ જટિલ સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા વિકસાવવી પડશે.

## નાનકડું હમિંગબર્ડ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આફ્રિકન આદિવાસી મૌખિક લોક કથાઓમાં નાનકડા હમીંગબર્ડની વાત ખૂબ જ લોકપ્રિય છે અને તે વાર્તા આજે પણ સુંદર સમજ આપે છે.

આફ્રિકાનાં આદિવાસીઓની લોકકથામાં વાત છે એક વિશાળ જંગલની જેમાં બધાં પશુ પંખીઓ હળી મળીને રહેતાં હતાં.આ જંગલ અનેક પશુ પક્ષી જીવજંતુઓનું ઘર હતું. એક વખત ભર ઉનાળામાં આ વિશાળ જંગલમાં ભયંકર આગ લાગી. દાવાનળ ફાટી નીકળ્યો અને જંગલનાં વૃક્ષો ભડ ભડ બળવા લાગ્યાં. પશુ પક્ષી જીવજંતુઓ ડરીને ભાગવા લાગ્યાં.

હાથીએ કહ્યું, 'આ આગ બહુ મોટી છે! તેનાથી બચવા માટે જલ્દીથી ભાગો..'

સિંહ બોલ્યો, 'આપણે આ આગ બુઝાવી નહિ શકીએ માટે જલ્દી દોડો...ભાગવા સિવાય બચવાનો કોઈ રસ્તો નથી.

દરેક પ્રાણી જીવ બચાવવા દોડવા લાગ્યું અને દૂર ઊભું રહીને પોતાના ઘર, જંગલને સળગતું જોતું હતું.

એ સમયે એક નાનું હમીંગબર્ડ નજીકના તળાવ પાસે ગયું. તેણે પોતાની નાની ચાંચમાં પાણીનું એક ટીપું ભર્યું અને આગ પર નાખ્યું. પછી તે ફરી પાણી લેવા ગયું.વારંવાર ઊડીને તે એક એક ટીપું લાવીને આગ પર સતત નાખી રહ્યું હતું.

હાથીએ હસીને પૂછ્યું,

"તું આ શું કરી રહ્યું છે? તારી ચાંચનાં બે ટીપાંથી આટલી મોટી બેકાબૂ આગ કેવી રીતે બુઝાશે?"

નાનું પક્ષી ઊડતાં ઊડતાં બોલ્યું, 'હું જેટલું કરી શકું છું, એટલું કરું છું. દૂર ઊભા રહીને જંગલને આગમાં બળતું જોવા કરતાં જંગલની આગને બુઝાવવા માટે મારી પૂરેપૂરી કોશિશ ચાલુ છે.'

તે ફરી પાણી લેવા ઊડી ગયું.

તેને જોઈને અને તેની વાત સાંભળીને બીજાં નાનાં પક્ષીઓ જોડાયાં. પછી અન્ય પ્રાણીઓ પણ પાણી લાવવા લાગ્યાં. કોઈએ વૃક્ષોની આસપાસ માટી નાખી. કોઈ પાણી લાવ્યું. કોઈએ આગથી નાનાં પ્રાણીઓને બચાવ્યાં અને ધીમે ધીમે આગ કાબૂમાં આવવા લાગી.બધાં પ્રાણીઓએ સાથે મળીને આગને બુઝાવી.

આગ એકલા હમીંગબર્ડે બુઝાવી નહોતી.પરંતુ શરૂઆત એક નાનકડા પક્ષીએ કરી હતી. તેની હિંમત અને જુસ્સાએ બધાને પ્રેરણા અને હિંમત આપી.

ઘણી વાર આપણે કોઈ કામ એટલા માટે શરૂ નથી કરતા કે, 'મારાથી એકલાથી શું થશે?' પરંતુ પરિવર્તન હંમેશાં કોઈ એક વ્યક્તિના આ નિર્ણયથી શરૂ થાય છે–

'હું મારી શક્તિ પ્રમાણે મારાથી બનતું અને શક્ય હોય એટલું મારું કામ કરીશ.'

# વિઘ્નહર્તાને આપણે વિઘ્નકર્તા બનાવી દીધા છે

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**ઉજવણી જ્યારે બીજા લોકો માટે મુશ્કેલી અને પર્યાવરણ માટે નુકસાનનું કારણ બને ત્યારે તેના સ્વરૂપ અંગે વિચારવાની જરૂર ઊભી થાય છે**

ઘણી વાતો એવી હોય છે કે તે વખતોવખત કહેવા કે લખવાથી પુનરાવર્તન લાગે, છતાં તેને કહેવી જરૂરી હોય છે. કારણ કે, જનજીવન અને પર્યાવરણને થઈ રહેલું નુકસાન દેખીતું હોવા છતાં ઉન્માદ અને મિથ્યાગૌરવને કારણે ઘણી ઉજવણીઓ આનંદ કરતાં બદીરૂપ બની રહી છે. આજકાલ ગણેશોત્સવનો માહોલ છે. કાન ફાડી નાખે તેવા ઢોલ-નગારાંનો અવાજ, તેમાં ઉમેરો કરતો ડી.જે. નો ઘોંઘાટ અને સાથે ફટાકડાનો અવાજ... આ બધું ધ્વનિ પ્રદૂષણ છે. પરંતુ ગણેશ વિસર્જન નિમિત્તે જળાશયોમાં વિસર્જિત કરાતી પ્લાસ્ટર ઑફ પેરિસની મૂર્તિઓ અને તેમાં વપરાતા રાસાયણિક રંગોથી થતું જળપ્રદૂષણ પણ એટલું જ ગંભીર છે.

ગણેશોત્સવ આવે એટલે શહેર, ગામ અને નગરોનું વાતાવરણ બદલાઈ જાય છે. ગલીએ ગલીએ મંડપ ઊભા થાય છે, ઘરોમાં ગણેશજીની સ્થાપના થાય છે અને બજારોમાં ખરીદી વધે છે. આ બધું અંગત કે સામુદાયિક ધોરણે થતું હોય તેનો વાંધો નથી ખાસ કરીને પ્લાસ્ટર ઑફ પેરિસ એટલે કે પીઓપીની મૂર્તિઓ અને તેમાં વપરાતા રાસાયણિક રંગો બાબતે લાંબા સમયથી ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. માટીની મૂર્તિ પાણીમાં ઓગળી શકે છે, જ્યારે પીઓપીની મૂર્તિ સહેલાઈથી ઓગળતી નથી. મૂર્તિ સાથેના રંગો અને અન્ય સામગ્રી પણ જળાશયોમાં ભળે છે. પરિણામે પાણીની ગુણવત્તા અને જળચરસૃષ્ટિ પર તેની અસર થઈ શકે છે. વિસર્જન પછી જળાશયોમાં એકઠો થતો કચરો પણ નવી સમસ્યા ઊભી કરે છે. પાણી માત્ર પ્રદૂષિત થતું નથી, પરંતુ તેને સાફ કરવાની જવાબદારી અને ખર્ચ પણ વધે છે.

ગુજરાતમાં ગણેશોત્સવની પરંપરા શરૂઆતમાં વડોદરા જેવા ગાયકવાડી શાસનના શહેર પૂરતી સીમિત હતી. ધીમે ધીમે તેનો ફેલાવો ગામેગામ, ગલીએ ગલીએ અને ઘેરઘેર થયો. શરૂઆતમાં માટીની નાની મૂર્તિ ઘરમાં સ્થાપિત કરવી અને તેનું વિસર્જન કરવું સરળ ધાર્મિક વિધિ હતી. સમય જતાં મૂર્તિઓ મોટી થતી ગઈ, સજાવટ ભવ્ય બનતી ગઈ અને મંડપો વિશાળ થતા ગયા. લાઈટિંગ, સાઉન્ડ સિસ્ટમ અને વિવિધ પ્રકારની સજાવટનો ઉમેરો થયો. હવે ગણેશોત્સવમાં ઘણી જગ્યાએ ભક્તિ કરતાં ભવ્યતાની બોલબાલા વધુ જોવા મળે છે. કોણ સૌથી મોટી કે ખર્ચાળ મૂર્તિ બનાવે તેની જાણે સ્પર્ધા ચાલી રહી હોય એવું લાગે છે.

મહત્ત્વનો સવાલ એ છે કે જે નદી, તળાવ કે દરિયાને આપણે જીવનદાતા માનીએ છીએ, તેમાં જ વિસર્જનના નામે એવી વસ્તુઓ કેમ નાખવી જે પાણી માટે નુકસાનકારક છે? એક તરફ પાણીની અછત હોય કે અતિવૃષ્ટિ, જળસ્રોતોને સાચવવાની જરૂરિયાત દિન-પ્રતિદિન વધી રહી છે. બીજી તરફ તહેવારો દરમિયાન જળપ્રદૂષણની સમસ્યા ઊભી થાય છે. આ વિરોધાભાસ અંગે વિચારવાનો સમય આવી ગયો છે. પરંપરા અને પર્યાવરણ વચ્ચે પસંદગી કરવાની જરૂર નથી. બંને સાથે ચાલી શકે છે. માટીની મૂર્તિ તેનો સરળ રસ્તો છે. કુદરતી રંગોનો ઉપયોગ કરી શકાય. મૂર્તિ નાની રાખી શકાય. કૃત્રિમ સજાવટને બદલે ફરી ઉપયોગમાં લઈ શકાય એવી સામગ્રી વાપરી શકાય. સૌથી મહત્ત્વનું, વિસર્જન માટે કૃત્રિમ કુંડની વ્યવસ્થા કરી શકાય, જેથી જળાશયોમાં પ્રદૂષણ ન ફેલાય. મંડપોમાં પણ એવી સામગ્રીનો ઉપયોગ થઈ શકે જે ઉત્સવ પછી કચરાનો ઢગલો ન બને. અવાજનું પ્રમાણ મર્યાદિત રાખવાથી આસપાસના વૃદ્ધો, બાળકો અને બીમાર લોકોને પણ તહેવાર દરમિયાન તકલીફ ઓછી થશે.

આ બાબતને માત્ર સરકારી નિયમ કે માર્ગદર્શિકા તરીકે જોવાથી વાત અધૂરી રહી જાય છે. પીઓપી પર પ્રતિબંધ મૂકવાથી જ સમસ્યા ઉકેલાઈ જવાની નથી. લોકોની પસંદગી બદલાશે તો બજાર પણ બદલાશે. લોકો પીઓપીની મોટી અને ચમકદાર મૂર્તિ માગશે તો મૂર્તિકારો એ જ બનાવશે. માટીની મૂર્તિની માગ વધશે તો કલાકારો પણ તેની તરફ વળશે. મુશ્કેલી એ છે કે આ મામલે મોટા જનસમુદાયની આસ્થા જોડાયેલી છે. તેને સાચી સમજણ આપી શકે એવા પ્રબુદ્ધ લોકો પણ ઘણી વખત સાચી વાત કહેવાનું ટાળે છે. .

હવે જાતને એક સવાલ પૂછવો જરૂરી છે: ભગવાનને ખુશ કરવા માટે આપણને ખરેખર કેટલી ભવ્યતાની જરૂર છે? ગણેશજીને માટીની સાદી મૂર્તિમાં સ્થાપિત કરીએ તો શું આપણી ભક્તિ ઓછી થઈ જાય છે? શું ભક્તિનું મૂલ્ય મૂર્તિના કદ, રંગ અને કિંમતથી નક્કી થવું જોઈએ? ઉજવણીનો આનંદ બીજાના ત્રાસનું કારણ ન બને એ પણ આપણી સામાજિક જવાબદારી છે. પરંપરાના મૂળ ભાવને જાળવીને તેની રીત બદલવી એ પરંપરાનો વિરોધ નથી. બદલાતા સમય અનુસાર ઉજવણીમાં સુધારો કરવો એ જીવંત સંસ્કૃતિની નિશાની છે. ગણેશજીને વિઘ્નહર્તા માનવામાં આવે છે. પરંતુ તેમની સ્થાપનાને લઈને ધ્વનિ પ્રદૂષણનું અને વિસર્જનને કારણે જળાશયો માટે વિઘ્ન ઊભું થતું હોય તો ઉજવણીની રીત અંગે ફેરવિચાર કરવો જોઈએ. સાચી ભક્તિ એવી હોય જેમાં શ્રદ્ધા અને આનંદ સાથે પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી પણ જળવાઈ રહે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગણેશોત્સવમાં ભક્તિ ઘટે અને દેખાડો વધે તો ?

ગણેશોત્સવના પાવન પર્વમાં ભક્તિ અને આરાધનાનું વિશેષ મહત્ત્વ છે. શ્રદ્ધા સાથે ગણેશોત્સવની ઉજવણી થાય તે આવકાર્ય છે. દસ દિવસ દરમિયાન ભજન, કીર્તન, આરતી ઉપરાંત રક્તદાન અને મેડિકલ કેમ્પ જેવા સેવાકીય કાર્યોનું આયોજન થાય તે સરાહનીય છે. જોકે ઉત્સવની ઉજવણી જવાબદારીપૂર્વક થાય તે પણ એટલું જ જરૂરી છે.

ગણેશોત્સવ દરમિયાન મોટા અવાજે લાઉડસ્પીકર અને ડીજે વગાડવાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે, જે બીમાર, વૃદ્ધો અને અન્ય લોકો માટે પરેશાનીનું કારણ બની શકે છે. ભક્તિમય ભજનો આવકાર્ય છે, પરંતુ લોકોને ખલેલ પહોંચાડે તેવા ઘોંઘાટને ઉત્સવનો ભાગ ગણી શકાય નહીં. ગણેશોત્સવ ફિલ્મી ગીતો કે શક્તિપ્રદર્શનનો ઉત્સવ નથી.

કેટલાક સ્થળે જાહેર માર્ગો પર મોટા મંડપો ઊભા કરવાથી ટ્રાફિકને પણ અડચણ પડે છે. ગણપતિ બાપાના આગમન અને વિસર્જન દરમિયાન પણ ઉત્સાહના અતિરેકમાં જાહેર માર્ગો પર ઘોંઘાટ અને અવ્યવસ્થા સર્જાય છે.

ગણેશોત્સવ શ્રદ્ધા અને ભક્તિનો પર્વ છે. તેથી અન્ય લોકોને તકલીફ ન પડે, ધ્વનિ પ્રદૂષણ નિયંત્રિત રહે અને જાહેર વ્યવસ્થાને નુકસાન ન થાય તેની કાળજી રાખવી જોઈએ. દેખાડા કરતાં ભક્તિ અને શિસ્તને પ્રાધાન્ય મળે એ જ સમયની માંગ છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## જંત્રીના ભાવમાં સુધારો જરૂરી !

વર્તમાન નવા જંત્રીના દરો વિસ્તાર અનુસાર બિલકુલ અયોગ્ય અને બિનવ્યવહારુ પુરવાર થઈ રહ્યા છે.

હાલમાં જંત્રીના ભાવ વિસ્તાર અનુસાર નક્કી કરવામાં આવ્યા છે. ખાસ કરીને કોટ વિસ્તાર જેવા વિસ્તારોમાં, જ્યાં ૪૦થી ૫૦ વર્ષ જૂના એપાર્ટમેન્ટ આવેલા છે, ત્યાં ફ્લેટોની વાસ્તવિક બજાર કિંમત અને જંત્રીના દર વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. જૂના એપાર્ટમેન્ટમાં આવેલા ફ્લેટોની સ્થિતિ અને બજાર કિંમતને ધ્યાનમાં લીધા વિના જંત્રીના ઊંચા દર પ્રમાણે ફ્લેટની કિંમતની ગણતરી કરવામાં આવતી હોવાથી તે અયોગ્ય અને બિનવ્યવહારુ છે.

હાલમાં જંત્રીના અનુસંધાનમાં રાજ્ય સરકારનો કાયદો એવો હોવો જોઈએ કે ફ્લેટોના દસ્તાવેજો વાસ્તવિક બજાર કિંમત અનુસાર થઈ શકે. પરંતુ વર્તમાન જંત્રીના દર પ્રમાણે જ દસ્તાવેજ કરાવવાની ફરજ પડતી હોવાથી તેના વિપરીત પરિણામો જોવા મળી રહ્યા છે. કોટ વિસ્તારના મોટા ભાગના જૂના ફ્લેટોનું વેચાણ લગભગ અટકી ગયું છે.

ફ્લેટ ખરીદનારને વર્તમાન જંત્રીના ઊંચા દર અનુસાર સ્ટેમ્પ ડ્યૂટી ચૂકવવી પડે છે, પરંતુ ફ્લેટની વાસ્તવિક બજાર કિંમત તેના કરતાં ઓછી હોય તો દસ્તાવેજ વાસ્તવિક બજાર કિંમત અનુસાર કરવાની છૂટ મળવી જોઈએ. ઊંચા જંત્રીના દરને કારણે જૂની મિલકતોના વ્યવહારો પર પ્રતિકૂળ અસર થઈ રહી છે. તેથી સરકારે જંત્રીના દર નક્કી કરતી વખતે મિલકતની ઉંમર, બાંધકામની સ્થિતિ, વાસ્તવિક બજાર કિંમત અને વિસ્તારની પરિસ્થિતિને ધ્યાનમાં લેવી જોઈએ.

**સુરત - રાજુ રાવલ**

## પાબ્લો પિકાસોના જીવનનો એક પ્રસંગ

સ્પેનિશ ચિત્રકાર અને શિલ્પકાર પાબ્લો પિકાસોએ ચિત્રકલાની પ્રાથમિક તાલીમ તેના પિતા પાસેથી લીધી હતી. તેના પિતા પણ ચિત્રકાર હતા અને ત્યાંની આર્ટ કોલેજમાં પ્રોફેસર હતા. તેની માતાએ એક વખત કહ્યું હતું કે પિકાસોએ જ્યારે બોલવાનું શરૂ કર્યું હતું ત્યારે તેણે પહેલો શબ્દ 'PIZ, PIZ' બોલ્યો હતો, જે પેન્સિલ માટેનો સ્પેનિશ શબ્દ છે એક દિવસ પિકાસો શાંતિથી પાર્કમાં બેઠા હતા ત્યારે એક મહિલાએ તેમને ઓળખી લીધા.

તે મહિલા તેમની પાસે ગઈ અને વિનંતી કરી કે, "પ્લીઝ, તમે મારા માટે એક ચિત્ર બનાવી આપો." પિકાસોએ એક કાગળ લીધો અને માત્ર ૩૦ સેકન્ડમાં એક સુંદર ચિત્ર દોરીને તે મહિલાને આપ્યું અને કહ્યું કે આ ચિત્રની કિંમત ૧૦ લાખ ડોલર છે. તે મહિલા તો આશ્ચર્યચકિત થઈ ગઈ અને બોલી કે, "આ ચિત્ર બનાવવામાં તો તમને માત્ર ૩૦ સેકન્ડ લાગ્યા છે અને તેની કિંમત ૧૦ લાખ ડોલર!" ત્યારે પિકાસોએ ખૂબ જ ગંભીરતાથી જવાબ આપ્યો, "મારી વહાલી બહેન, આ ૩૦ સેકન્ડની કળા શીખતાં-શીખતાં મેં મારા જીવનનાં ૩૦ વર્ષ આપ્યાં છે." કોઈપણ કલાકારને તેની કલામાં સંપૂર્ણ નિપુણતા પ્રાપ્ત કરતાં વર્ષોનાં વર્ષો વીતી જતાં હોય છે. કલા તો એક પ્રકારનું કાર્ય છે–તપશ્ચર્યા છે. પિકાસોએ એક વખત સરસ કહ્યું હતું. પ્રશ્ન એ છે કે મોટા થયા પછી તેણે કલાકાર બનવું છે કે નહીં?

**સુરત - ડૉ. કિરીટ એન ડુમસિયા**

## લ્યો, હવે સામાન્ય પ્રજાના મનોરંજન પર પણ લૂંટ?

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લાં 52 વર્ષથી સતત આયોજીત થતી પ્રતિષ્ઠિત સંજીવકુમાર નાટક સ્પર્ધા કતારગામ સ્થિત અટલબિહારી ઓડિટોરિયમ ખાતે 27 મી સપ્ટેમ્બરથી યોજાશે. જે આમ જનતા આ નાટકો ફ્રીમાં જોઈ શકતા પરંતુ આ વખતે ચાર્જેબલ ઓનલાઈન ટિકિટ બુકિંગ રાખવામાં આવ્યું છે.ટિકિટની આવક ફાઈનલમાં આવનાર સંસ્થાને વેચવામાં આવશે એવા હુલામણા નામથી ખાનગીકરણ તરફ નગરપાલિકાએ પગરવ માંડ્યાં છે. સામાન્ય પ્રજા માટે નાટકો નિહાળવાની આખરી ઈચ્છા પણ છીનવી લેવામાં આવી. ખાનગી સંસ્થા દ્વારા ચાર્જેબલ નાટકો તો ઘણાં બધાં થાય છે. વેરા અને ટેક્સેબલ આવકમાં સમગ્ર ભારતમાં સુરત પ્રથમ નંબર ઉપર છે ત્યારે ફિલ્મની દુનિયામાં સ્પર્ધા કરતાં નાટકો નામશેષ થતાં જાય છે ત્યારે નાટકોને નિહાળવા સામાન્ય પ્રજાના હિતમાં વર્ષોથી ફ્રીમાં રહેલાં નાટકો ફ્રીમાં જ ચાલુ રાખવાં જોઈએ. સામાન્ય પ્રજાનું મનોરંજન પણ લૂંટી લેવાનું? ખાનગીકરણ કે વેપારીકરણની લૂંટ બંધ થવી જોઈએ. આ બાબતે નગરપાલિકા ફેરવિચાર કરે તેવી આમ જનતાની માગણી છે.

**સુરત - યોગેન્દ્ર પટેલ**

## માનવીના જીવનું અવમૂલ્યાંક

વર્તમાન સમયમાં વારંવાર અખબારી આલમ દ્વારા નજીવી બાબતે જીવલેણ હુમલા કરવામાં આવે એવા અનિચ્છનીય સમાચારો જાણવા મળે. શું માનવીના જીવની કોઈ કિંમત જ નથી. રસ્તા પર કેમ ઊભા છે. આમ કહી ચપ્પુથી હુમલો કરવામાં આવે. કોઈ પણ વ્યક્તિનો જીવ લેવાનો કોઈ પણ વ્યક્તિને અધિકાર નથી જ. સૃષ્ટિમાં માતા સિવાય કોઈ જન્મ અર્થાત્ જીવ આપી શકતું નથી તો અન્ય વ્યક્તિનો શું અધિકાર છે કે કોઈનો જીવ લઈ મૃત્યુને શરણ કોઈ વ્યક્તિને કરવાનો. ગમે એટલા મતભેદ કે વૈમનસ્ય હોય પણ કોઈની હત્યા તો ન જ થાય.

ઘણી વાર વાદવિવાદમાં રોકડની લેણાદેણીમાં અપહરણ કરી પ્રેમ સંબંધની શંકામાં ગૃહકલેશ હોવાથી અન્ય દોસ્તોની જૂની અદાવતમાં અન્ય ઘણી બાબતોમાં પાડા-ખાર વેર રાખીને હત્યા કરવામાં આવે એમાં ઘણી વાર ઘરના મોભીનું અવસાન થાય અને પરિવાર નિરાધાર બની જાય. હત્યા કરનારના ગુસ્સાનું પરિણામ નિર્દોષ પરિવાર ભોગવતો હોય છે. શું પ્રત્યેક હત્યાના કિસ્સામાં હત્યા જ નિરાકરણ હોય. સમાધાન કે બોલાચાલીથી સમસ્યા હલ ન થઈ શકે. હત્યા કરી ગુનેગારો બની આખી જિંદગી કલંકભેર જેલમાં જઈ જિંદગી બરબાદ કરવાનો શું અર્થ.

**સુરત - નેહા શાહ**